શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Silver Health Check-up (સિલ્વર હેલ્થ ચેકઅપ)
Rs. 4700/- Rs. 1500/-
જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
કીડની તપાસ Creatinine, Blood Urea, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride) યુરિન ચેકઅપ Urine Test
લીવર તપાસ SGPT, SGOT, Bilirubin સુગર તપાસ (Diabetes) FBS, PPBS
ન્યુટ્રીશ્યન તપાસ Vita B12 થાઈરોઈડ તપાસ T3 T4 TSH દાંતની તપાસ
હૃદયની તપાસ ECG છાતીની તપાસ Chest X-Ray સંધિવા તપાસ RA Test
એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા બ્લડ કલેક્શનની સુવિધા ઉપલબ્ધ.
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેક્શનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:૩૬ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેધાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પકૃબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેદનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, કૃલક્ષુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ ચૌદસ રવિવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૦
પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

મધ્ય પૂર્વમાં ફરી મહાયુદ્ધના એંધાણ

અમેરિકી અધિકારીઓ પર હુમલાનું ઈરાનનું મોટું ષડયંત્ર: અમેરિકા એલર્ટ મોડ પર

ચાર અખાતી દેશોના દૂતાવાસોમાં સ્ટાફ ઘટાડતું અમેરિકા

નેશનલ ઇન્ટેલિજન્સના વડાએ વિદેશ મંત્રી રૂબિયોને માહિતી આપી કે અમેરિકી કર્મચારીઓને નિશાન બનાવવાની યોજનામાં ઇરાન ઘણું આગળ વધી ગયું છે

આના પછી જોર્ડન, લેબેનોન, કતાર અને યુએઇ ખાતેના દૂતાવાસોમાં કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનું અમેરિકાએ શરૂ કર્યું

સાઉદીથી વિપરીત આ ચાર દેશોના સ્ટાફને દેશ છોડવાનું ફરજિયાત નથી

સાઉદી અરેબિયાથી વિપરીત – જ્યાં બિન-જરૂરી અમેરિકી કર્મચારીઓ અને તેમના પરિવારોને બુધવારે દેશ છોડી જવાનો આદેશ આપવામાં આવ્યો હતો – અન્ય ચાર દેશોના સ્ટાફને દેશ છોડી જવા માટે ફરજ પાડવામાં આવી નથી. આ અઠવાડિયે સ્ટાફમાં ઘટાડાની જાહેરાત કરતી વખતે, સ્ટેટ ડિપાર્ટમેન્ટે ખાસ કરીને યમનના હુથી બળવાખોરો તરફથી વધતા ખતરા તરફ ઇશારો કર્યો હતો અને ઈરાન તરફથી સીધા યુએસ કર્મચારીઓને મળતી ધમકીઓનો ઉલ્લેખ કર્યો ન હતો. સાઉદી નેતૃત્વ હેઠળના ગઠબંધન અને હુથીઓ વચ્ચે ફરી એકવાર લડાઈ શરૂ થઈ છે, જેમાં આ આતંકવાદી જૂથ સાઉદી અરેબિયા પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરી રહ્યું છે.

વોશિંગ્ટન, તા. ૨૪: ઈરાને આ વિસ્તારમાં અને અન્ય સ્થળોએ અમેરિકી કર્મચારીઓને નિશાન બનાવવાના પ્રયાસો ઝડપી બનાવ્યા છે તેવી ગુપ્તચર માહિતી મળ્યા બાદ અમેરિકાનું વિદેશ મંત્રાલય મધ્ય પૂર્વના ચાર દેશોનાં અમેરિકી દૂતાવાસોમાં સ્ટાફની સંખ્યા ઘટાડી રહ્યું છે.

શુક્રવારે વિદેશ મંત્રી માર્કો રૂબિયોને મોકલેલા એક મેમોમાં, ડિરેક્ટર ઓફ નેશનલ ઇન્ટેલિજન્સ જે ક્લેટને જણાવ્યું હતું કે તેમની ટીમોને એવી માહિતી મળી છે કે ઈરાને અમેરિકી કર્મચારીઓને નિશાન બનાવવાના પ્રયાસોમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ક્લેટને લખ્યું, "અમેરિકી નાગરિકો સામે ઈરાનીઓ દ્વારા કરવામાં આવી રહેલી ઘાતક ષડયંત્રની કોશિશો મધ્ય પૂર્વ અને કેટલાક અન્ય દેશોમાં ઉચ્ચતર તબક્કે પહોંચી ગઈ છે." આ મેમો ધ એસોસિએટેડ પ્રેસ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યો હતો અને અગાઉ એક્સિઓસ દ્વારા અહેવાલ આપવામાં આવ્યો હતો. આ બાબતની સંવેદનશીલતાને કારણે નામ ન આપવાની શરતે વાત કરતા ત્રણ અમેરિકી અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે આ મેમો રૂબિયોને વિદેશ મંત્રી

...અનુસંધાન પાના 11 પર

સામસામું લશ્કરી શક્તિ પ્રદર્શન શરૂ

અમેરિકાએ ત્રીજું વિમાન વાહક જહાજ રવાના કર્યું, ઇઝરાયેલના વિમાનોએ ઇરાન નજીક ઉડાન ભરી

ઇરાને લશ્કરી કવાયત શરૂ કરી, નવું શસ્ત્ર તૈયાર હોવાની ધમકી આપી

કેરો, તા. 24: બે અમેરિકી એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઇક ગ્રુપ મધ્ય પૂર્વમાં છે, અને ત્રીજું રસ્તામાં છે. અમેરિકા અને ભારતે પોતાના નાગરિકો માટે નવી એડવાઇઝરી જારી કરી છે, જ્યારે ઇઝરાયેલે ઈરાની સરહદ નજીક જેટ વિમાનોની સોર્ટી કરી હોવાના અહેવાલ છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં, એવા ઘણા સ્પષ્ટ સંકેતો મળ્યા છે કે અમેરિકા અને ઇઝરાયેલ આ વખતે વધુ તાકાત સાથે ઈરાન સામે હુમલા ફરી શરૂ કરી શકે છે. વાટાઘાટો અટકી જતાં અને બંને પક્ષો એકબીજાને ધમકીઓ આપી રહ્યા હોવાથી, ખાડી વિસ્તાર અન્ય એક લશ્કરી મુકાબલા તરફ આગળ વધી રહ્યો છે.

મુખ્ય પ્રશ્ન એ છે કે ક્યારે. નિષ્ણાતોએ સૂચવ્યું છે કે આગામી બે સપ્તાહમાં યુએસ અને ઇઝરાયેલમાં યોજાનારી ચૂંટણીઓ લશ્કરી કાર્યવાહીના સમયને પ્રભાવિત કરી શકે છે. ઇઝરાયેલના બેન્જામિન નેતન્યાહુ ૨૭ ઓક્ટોબરે તેમના સૌથી કઠિન ચૂંટણી જંગનો સામનો કરી રહ્યા છે. બીજી તરફ, યુએસ મિડટર્મ ચૂંટણીઓ કોંગ્રેસના નિયંત્રણનો નિર્ણય કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ૩ નવેમ્બરની ચૂંટણી પહેલા ઈરાન પર હુમલો ન કરવાનું વચન આપ્યું હતું, પરંતુ તેમની તાજેતરની ધમકીઓ – જેમાં "મધર ઓફ ઓલ બોમ્બ" નો સંદર્ભ પણ સામેલ છે – સૂચવે છે કે હુમલાનો

...અનુસંધાન પાના 11 પર

પાંચ મહત્વના સંકેતો

અમેરિકાએ ત્રીજું એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઇક ગ્રુપ, USS થિયોડોર રૂઝવેલ્ટ ને મધ્ય પૂર્વમાં રવાના કર્યું છે. તેની સાથે USS મેકિન આઇલેન્ડ એમ્ફિબિયસ રેડિનેસ ગ્રુપ અને તેના બે એમ્ફિબિયસ લેન્ડિંગ જહાજો પણ છે. દરમિયાન, ઇરાન દેશભરમાં લશ્કરી કવાયતો યોજી રહ્યું છે, જેમાં એક જ વારમાં ૩૦ બેલેસ્ટિક મિસાઇલો લોન્ચ કરવાનો પણ સમાવેશ થાય છે, તેમ સીએનએન એ અહેવાલ આપ્યો છે. તેહરાન તરફથી આવતા અવાજો સૂચવે છે કે તેના કમાન્ડરો લડાઇ ફરી શરૂ થાય તે માટેની તૈયારીઓ કરી રહ્યા છે. આ સપ્તાહના પ્રારંભમાં, જેવા સામે તેવા પગલામાં, IRGC એ એક નવું શસ્ત્ર - 'ફાધર ઓફ

હુમલો થાય તો ઇન્ટરનેટ કેબલો કાપી નાખવાની ઇરાનની ધમકી

જો કે હોર્મુઝની ખાડીમાં વિશ્વના કુલ સમુદ્રી કેબલોમાંથી માત્ર એક ટકા જ પસાર થાય છે

યુદ્ધ નહીં કરવાની યુરોપિયન વિદેશ મંત્રીઓની અપીલ

અંકારા, તા. ૨૪: તુર્કીના વિદેશ મંત્રી હાકાન ફિદાને કહ્યું કે ઈરાન પર નવો હુમલો તણાવ વધારશે અને યુદ્ધને અન્ય દેશો સુધી ફેલાવી શકે છે. તેમણે કહ્યું કે સંઘર્ષ પૂરો કરવાનો રસ્તો વાતચીત અને કૂટનીતિ જ છે. ફ્રાન્સના વિદેશ મંત્રી જ્યો-નોએલ બારોએ પણ તણાવ વધારતી કામગીરીથી બચવાની અપીલ કરી. તેમણે કહ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે ટકરાવ વધવાથી કોઈને ફાયદો નહીં થાય અને તેલ-ગેસના ભાવ પર ગંભીર અસર પડી શકે છે. જર્મનીના વિદેશ મંત્રી યોહાન વાડેફુલે કહ્યું કે જર્મની, ફ્રાન્સ અને બ્રિટન ઈરાન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે, જેથી તે પરમાણુ હથિયાર હસ્તગત ન કરે. તુર્કીના ઇસ્તંબુલમાં શુક્રવારે કેટલાક યુરોપિયન વિદેશ મંત્રીઓની બેઠકમાં બ્રિટન, ફ્રાન્સ, જર્મની, તુર્કીના વિદેશ મંત્રીઓ ઉપરાંત ઇજિપ્ત , પાકિસ્તાન, સાઉદી અરેબિયાના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો.

વોશિંગ્ટન, તા. 24: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ફરીથી હુમલો કરવાની ધમકી આપી તેની સામે ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકા અને ઇઝરાયેલ ફરીથી હુમલો કરશે તો તે અખાતી દેશોમાં સમુદ્રની નીચે બિછાવેલી ઇન્ટરનેટ કેબલને નિશાન બનાવશે. આનાથી ઇન્ટરનેટ સેવાઓ, બેંકિંગ અને ઓનલાઈન બિઝનેસ પર અસર પડી શકે છે.

ઈરાનના બે વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓએ રોઇટર્સને જણાવ્યું કે અમેરિકા અને ઇઝરાયેલના નવા હુમલાની સ્થિતિમાં સમુદ્રની નીચે બિછાવેલી સંચાર કેબલને નિશાન બનાવવાની યોજના છે. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે કેબલ પર હુમલો ક્યાં અને કેવી રીતે કરવામાં આવશે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ઈરાન કેબલ કાપવાની સાથે તેની રિપેરિંગમાં પણ અવરોધ ઊભો કરી શકે છે. આનાથી ઇન્ટરનેટ અને અન્ય સંચાર સેવાઓ લાંબા સમય સુધી પ્રભાવિત થઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્રની એજન્સી ITU અનુસાર, વિશ્વનો લગભગ 99% ઇન્ટરનેટ ટ્રાફિક સમુદ્રની નીચે બિછાવેલી કેબલમાંથી પસાર થાય છે. આ કેબલ અલગ-અલગ દેશો અને ખંડોને જોડે છે. જોકે, ટેલી જિયોગ્રાફીના રિસર્ચ ડાયરેક્ટર એલન મોલ્ડિનના જણાવ્યા અનુસાર, હોર્મુઝથી વિશ્વની 1% કરતા પણ ઓછી આંતરરાષ્ટ્રીય ઇન્ટરનેટ ક્ષમતા પસાર થાય છે. તેથી અહીં કેબલ કપાવાથી વિશ્વભરમાં ઇન્ટરનેટ પર સીધી અસર નહીં પડે. પરંતુ ઘણી કેબલ એકસાથે કપાવા પર ઇન્ટરનેટ ધીમું થઈ શકે છે. બેંકિંગ, ઓનલાઈન ખરીદી અને ક્લાઉડ સેવાઓ પણ પ્રભાવિત થઈ શકે છે. અસર એ વાત પર નિર્ભર કરશે કે કંપનીઓ ડેટાને બીજા રૂટ પર કેટલી ઝડપથી શિફ્ટ કરી શકે છે.

મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર હિમાંશુ ભાઉ અમેરિકામાં પકડાયો

નવી દિલ્હી, તા. ૨૪: ભારતના મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર હિમાંશુ ભાઉની અમેરિકામાં એફબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સમાં સામે આવ્યું છે કે હિમાંશુ સામે દિલ્હી અને હરિયાણા સહિત અનેક રાજ્યોમાં હત્યા, હત્યાના પ્રયાસ, ખંડણી અને હથિયારોની દાણચોરી જેવા લગભગ 30થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

ઇન્ટરપોલે વર્ષ 2023માં તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. હરિયાણા પોલીસે તેના પર 2.5 લાખ રૂપિયા અને દિલ્હી પોલીસે 1 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. વર્ષ 2022માં હરિયાણામાં 24 કલાકમાં ત્રણ હત્યાઓ થયા પછી હિમાંશુ ચર્ચામાં આવ્યો હતો. હિમાંશુ ભાઉની ગેંગે જ વર્ષ 2025માં યુટ્યુબર એલવિશ યાદવના ગુરુગ્રામ સ્થિત ઘરની બહાર ફાયરીંગ કરવાની જવાબદારી લીધી હતી. હિમાંશુની દુશ્મની લોરેન્સ અને ગોલ્ડી બરાડ ગેંગ સાથે હોવાનું માનવામાં આવે છે. આ જ કેસમાં અન્ય એક ભાગેડુ નીરજની પણ ધરપકડ કરવામાં આવી છે. એવું જણાવવામાં આવ્યું છે કે તે આ વર્ષે જામીન પર છૂટ્યા પછી પોતાના પગની ઘૂંટી પર લગાવેલું મોનિટરિંગ ટ્રેકર હટાવીને ધરપકડથી બચી રહ્યો હતો. તેણે માત્ર ૧૭ વર્ષની વયે અપરાધની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. ૨૪ કલાકમાં

...અનુસંધાન પાના 11 પર

પાકિસ્તાન કાશ્મીરીઓને બચાવી રહ્યું છે: ફારૂક અબ્દુલ્લાના નિવેદનથી વિવાદ

પક્ષના એક કાર્યક્રમમાં બોલતા ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર કાશ્મીરીઓ સાથે ન્યાય કરશે નહીં, પાકિસ્તાન જ કાશ્મીરીઓને બચાવી રહ્યું છે

ભાજપ શાસિત રાજ્યોમાં મુસ્લિમો પર અત્યાચાર થતો હોવાનું કહ્યું, ડિમોલીશનોનો મુદ્દો ઉઠાવ્યો

શ્રીનગર, તા. ૨૪: નેશનલ કોન્ફરન્સ(NC)ના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ શનિવારે એમ કહીને વિવાદ ઊભો કર્યો હતો કે પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીરના મુદ્દાને જીવંત રાખીને કાશ્મીરીઓને બચાવ્યા છે. ભાજપે આ ટિપ્પણીને "દેશદ્રોહી અને રાષ્ટ્રવિરોધી" ગણાવીને તેની આકરી ટીકા કરી હતી.

અબ્દુલ્લાએ કહ્યું કે કાશ્મીરીઓને કેન્દ્ર સરકાર પાસેથી બહુ ઓછી આશા છે. ત્રણ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા અબ્દુલ્લાએ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં એક પાર્ટી કાર્યક્રમને સંબોધતા કહ્યું, "તમને (જમ્મુ-કાશ્મીરના લોકોને) તેમની (દિલ્હી) પાસેથી શું આશા હશે? શું તમે એવી અપેક્ષા રાખશો કે તેઓ તમારી સાથે ન્યાય કરશે?" તેમણે કાશ્મીરીઓને હિંમત રાખવા વિનંતી કરી જેથી તેઓ દિલ્હીનો સામનો કરી શકે. તેમણે કહ્યું, "જો તમે હિંમત નહીં રાખો, તો તમારું અસ્તિત્વ મટી જશે. આપણી ઓળખ અને નિશાન પણ ગાયબ થઈ જશે. કંઈપણ બાકી રહેશે નહીં. તેઓ

...અનુસંધાન પાના 11 પર

ટ્રમ્પની મિડટર્મ ચૂંટણી રેલીઓમાં ઓપરેશન સિંદુર ચમક્યું

ચૂંટણી રેલીમાં ટ્રમ્પે ફરી એક વાર ભારત-પાકિસ્તાન યુદ્ધ પોતે અટકાવ્યું હોવાનો દાવો કર્યો, અગિયાર વિમાનો તૂટ્યા હોવાનો પણ દાવો કર્યો

અનેક યુદ્ધો અટકાવ્યા હોવા છતાં નોબેલ પ્રાઇઝ ન મળ્યું હોવાનો અફસોસ વ્યક્ત કર્યો

વોશિંગ્ટન, તા. ૨૪(પીટીઆઈ): ભારતના 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ અમેરિકી મધ્યસત્ર ચૂંટણીની પ્રચાર રેલીઓમાં થયો છે, જેમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર બે પરમાણુ શસ્ત્રધારી પડોશી દેશો વચ્ચેનું યુદ્ધ ભારે ટેરિફની ધમકી આપીને અટકાવ્યું હોવાનો દાવો કર્યો છે.

શુક્રવારે ફ્લોરિડામાં એક ચૂંટણી રેલીને સંબોધતા ટ્રમ્પે ફરી એકવાર ભાર અને પાકિસ્તાનને ભારે ટેરિફની ધમકી આપીને ગત વર્ષે તેમના યુદ્ધને વકરતું અટકાવવાનો શ્રેય લીધો હતો. તેમણે કહ્યું કે બંને પરમાણુ શસ્ત્રધારી દેશો ગુસ્સામાં હતા પરંતુ તેમણે તોપમારો બંધ કરી દીધો હતો, અને ઉમેર્યું કે ''અગિયાર વિમાનો તોડી પાડવામાં આવ્યા હતા.'' ટ્રમ્પે કહ્યું, ''મેં કહ્યું, 'મિત્રો, જો તમે લોકો આવું કરવાના હોવ, તો તમે યુનાઇટેડ સ્ટેટ્સ સાથે વેપાર નહીં કરી શકો... હું તમારા બંને પર ૨૫૦ ટકા જેટલો ભારે ટેરિફ લગાવીશ, જેથી તમે કોઈ વ્યાપાર કરી શકશો નહીં''. તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાન ખૂબ જ અશાંત અને ખૂબ ગુસ્સામાં હતા, પરંતુ તેમણે તોપમારો બંધ કરી દીધો અને યુદ્ધ પૂરું થઈ ગયું. ''અગિયાર વિમાનો તોડી પાડવામાં આવ્યા હતા. મેં આ બધા યુદ્ધો અટકાવ્યા, અને આવું કરવું ખરેખર સન્માનની વાત છે...'' ટ્રમ્પે ઉમેર્યું કે તેમને આ પ્રયાસમાં સંયુક્ત રાષ્ટ્રો(UN) તરફથી કોઈ મદદ મળી નહોતી. ટ્રમ્પે કહ્યું, ''મેં સંયુક્ત રાષ્ટ્રને ક્યારેય એક પણ ફોન કર્યો નથી. પરંતુ અમે તે બધાને અટકાવી દીધા, અને હજુ થોડા બાકી છે. જ્યારે હું ચૂંટણી લડી રહ્યો હતો ત્યારે મને કોઈ ખ્યાલ નહોતો કે તેમની વચ્ચે આટલા બધા યુદ્ધો ચાલી

...અનુસંધાન પાના 11 પર

નીલગીરીમાં અનેક સ્થળે ભૂસ્ખલન, બસ દટાઈ, ડ્રાઇવરનું મોત

ઘટનાસ્થળથી આશરે 300 મીટર પાછળ કેરળના 100થી વધુ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

ઉધગમંડલમ (તમિલનાડુ), તા. 24 (PTI): તમિલનાડુના નીલગીરી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને કારણે શનિવારે અનેક સ્થળે ભૂસ્ખલન થયું હતું. આ ઘટનામાં એક બસ દટાઈ ગઈ હતી, જેમાં તેના ડ્રાઇવરનું મોત નીપજ્યું હતું, જ્યારે કેરળના 100થી વધુ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો. કારણ કે, તેમની ગાડીઓ આ ઘટનાસ્થળથી આશરે 300 મીટર પાછળ ઊભી રહી ગઈ હતી.

ભારે વરસાદ વચ્ચે ઢોળાવ પરથી કાદવ-માટી, ઉખડી ગયેલા વૃક્ષો અને ખડકો નીચે તરફ ધસી આવતાં સરકારી બસ દટાઈ ગઈ હતી અને બચાવ ટુકડીએ કલાકોની ભારે જહમત બાદ કાટમાળમાંથી ડ્રાઇવર અને કંડક્ટરને બહાર કાઢ્યા હતા.

જોકે, જાનાગરાજ તરીકે ઓળખાયેલા ડ્રાઇવરે ઈજાઓને કારણે દમ તોડી દીધો હતો, અને કંડક્ટર કેશવનની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આ ઘટના 23-24 ઓક્ટોબરની મધ્યરાત્રિએ બની હતી અને બસ કુન્નુરથી મેટ્ટુપાલયમ જઈ રહી હતી. વિદ્યાર્થીઓને લઈ જતી અને

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૪-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન
મહત્તમ ૩૬.૮° સે. | લઘુત્તમ ૨૦.૦° સે. | ભેજ ૩૦%